# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૧૨/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવા માટે શહેરીજનોમાં જબરજસ્ત ઉત્સાહ**
- **માન. પ્રધાનમંત્રીશ્રીનું સ્વાગત કરવા ઉત્સુક સામાજીક, ધાર્મિક સમાજના અગ્રણીઓ, વિવિધ વેપારી મંડળો, વિવિધ એસોસીએશનો, સ્કુલ–કોલેજના સંચાલકોની આજની ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી બેઠકમાં શહેરના પાંચ હજાર કરતા વધુ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી ૧૬ મી એપ્રિલના રોજ દેશના લોકલાડીલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત ખાતે પધારી રહ્યા છે. ત્યારે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત કરવા, તેમને આવકાર આપવા તેમની એક ઝલક મેળવવા માટે શહેરીજનોમાં જબરજસ્ત ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. શહેરના નાગરીકો, સામાજીક ધાર્મિક સંસ્થાઓ, વિવિધ વેપારી મંડળો માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું યોગ્ય રીતે સ્વાગત કરી શકે તે માટેના આગોતરા આયોજનના ભાગરૂપે આજ રોજ આ તમામ સંસ્થાઓની એક અગત્યની મીટીંગ ભાજપ કાર્યાલય

ખાતે યોજાઈ હતી. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત–સત્કાર કરવા માંગતા સામાજીક, ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ, એન.જી.ઓ.ના સંચાલકો, ગૌશાળાના ગોપાલકો, વિવિધ વેપારી એસોસીએશનો, ઉદ્યોગપતિઓ, ટેક્ષટાઈલ માર્કેટના અગ્રણીઓ, સ્કુલ–કોલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો સાથે જુદી–જુદી યોજાયેલી આજની બેઠકમાં પાંચ હજાર કરતા વધુ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આગામી ૧૬ એપ્રિલના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરત એરપોર્ટ ખાતે પધારશે. ત્યાંથી ખુલ્લી જીપમાં એરપોર્ટ થી સરકીટ હાઉસ સુધી પધારશે ત્યારે રસ્તામાં ઠેર–ઠેર તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. રસ્તાની બંને બાજુ લાખોની સંખ્યામાં મોદી સાહેબને આવકારવા માટે લોકો મોટી સંખ્યામાં ઉભા રહેશે. એરપોર્ટ થી સરકીટ હાઉસ સુધીના માર્ગ પર આશરે ૪૦ જેટલા પોઈન્ટ ઉપર માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ સ્વાગત પોઈન્ટ ઉપર ક્યાં–ક્યાં, કોણ–કોણ સ્વાગત કરશે તે અંગેનું આયોજન આજની બેઠકમાં કરવામાં આવ્યું હતું. તા. ૧૭ એપ્રિલના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકીટ હાઉસ થી કિરણ હોસ્પિટલ સુધી જશે. ત્યારે સરકીટ હાઉસ થી ચોપાટી બસ સ્ટેન્ડ, અઠવા ગેટ, આર.ટી.ઓ., દયાળજી આશ્રમ, હિરા મોદીની શેરી, ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા, કુંભ સર્કલ, રામબાગ કતારગામ, કતારગામ જુની ઝોન ઓફીસ, માનવ ધર્મ આશ્રમ, કતારગામ દરવાજા વિગેરે પોઈન્ટ ઉપર વિવિધ સમાજના અગ્રણીઓ, સામાજીક સંસ્થાઓ દ્વારા માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વાગત કરવામાં આવશે. કિરણ હોસ્પિટલના ઉદ્‌ઘાટન બાદ રીટર્નમાં કતારગામ દરવાજા થી ડો. બાબાસાહેબ આંબેડકરજી સુધીના સ્વાગત પોઈન્ટ ઉપર મુજબ જ રહેશે. ત્યાર બાદ રીંગ રોડ સબજેલ, સીવીલ હોસ્પિટલ, ગાંધી એન્જીનીયરીંગ કોલેજ, વનિતા વિશ્રામ, અઠવા સર્કલ, કલાસીક હોટલ, સીટી સીવીક સેન્ટર, કોર્ટની સામે, વી.ટી. ચોકસી લો કોલેજ, રાધે નગર, એસ.વી.એન.આઈ.ટી., કારગીલ ચોક, આશીર્વાદ બંગ્લો પીપલોદ, રાજહંસ સિનેમા, રાહુલ રાજ મોલ, સેન્ટ્રલ મોલ, વાય જંકશન, ઓ.એન.જી.સી. ફલાય ઓવર બ્રિજની નીચેથી ભાટપોર, ઈચ્છાપોર સુધીના સ્વાગત પોઈન્ટ ઉપર માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. ઈચ્છાપોર થી ભાટપોર, ઓ.એન.જી.સી., કોલસી મગદલ્લા પાર્ટ, ગવિયર થઈ એરપોર્ટ ખાતે પહોંચશે. આ રૂટ દરમ્યાન પણ રસ્તાની બંને બાજુ ખૂબ મોટી સંખ્યામાં શહેરીજનો ઉભા રહેશે અને આપાણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ભવ્યાતિભવ્ય સ્વાગત–સત્કાર કરશે.